# સરદાર પટેલ યુનિવર્સિટી,વલ્લભ વિદ્યાનગર

## અખબારી યાદી

સરદાર પટેલ યુનિવર્સિટી દ્વારા વર્ષ ૨૦૧૯-૨૦ માટે સંલગ્ન કોલેજોમાં ડિપ્લોમા, સ્નાતક, પી.જી. ડિપ્લોમા તથા અનુસ્નાતક અભ્યાસક્રમોમાં ઓનલાઇન સેન્ટ્રલાઇઝ્ડ પ્રવેશ પ્રક્રિયા થનાર છે. ધોરણ ૧૨ વિજ્ઞાન પ્રવાહના તારીખ : ૦૯/૦૫/૨૦૧૯ના રોજ જાહેર થનાર પરિણામને ધ્યાને રાખી ફક્ત બીએસ.સી.ના પ્રવેશ માટે નીચે મુજબની તારીખો દરમ્યાન ઓનલાઇન ફોર્મ ભરવાથી શરૂ કરી પ્રવેશ મેળવવા સુધીની માહિતી ધ્યાનમાં રાખવા જણાવવામાં આવે છે. અન્ય અભ્યાસક્રમો માટેની તારીખો હવે પછી જાહેર કરવામાં આવશે.

**Only for B.Sc. Programme**

ધોરણ-૧૨ પછીના સ્નાતક કક્ષાના ફક્ત B.Sc. અભ્યાસક્રમમાં પ્રવેશ પ્રક્રિયા નીચે મુજબ રહેશે.

| તારીખ | વિગત |
|---|---|
| તા. ૧૪/૦૫/૨૦૧૯ થી તા. ૨૨/૦૫/૨૦૧૯ | યુનિવર્સિટી પોર્ટલ ઉપર તા. ૧૪/૦૫/૨૦૧૯ સવારે ૧૧.૦૦ કલાકથી વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે. તારીખ ૨૨/૦૫/૨૦૧૯ને સાંજે ૫.૦૦ કલાકે ઓનલાઇન પોર્ટલ બંધ થઇ જશે. ત્યારબાદ વિદ્યાર્થી ઓનલાઇન ફોર્મ ભરી શકશે નહીં. |
| તા. ૧૪/૦૫/૨૦૧૯ થી તા. ૨૫/૦૫/૨૦૧૯ | વિદ્યાર્થી દ્વારા ઓનલાઇન ભરેલ પ્રવેશ ફોર્મની પ્રિન્ટઆઉટ લઇને જરૂરી દસ્તાવેજોની નકલ જોડી, તથા તમામ અસલ દસ્તાવેજો સહિત તારીખ : ૧૪/૦૫/૨૦૧૯ સવારે ૧૧.૦૦ કલાકથી તા. ૨૫/૦૫/૨૦૧૯ સાંજે ૪.૦૦ કલાક સુધી યુનિવર્સિટી માન્ય હેલ્પ સેન્ટર ખાતે ચકાસણી કરાવી ફોર્મ ઉપર હેલ્પ સેન્ટરનો વેરીફિકેશનનો સિક્કો કરાવવાનો રહેશે. |
| તા. ૨૭/૦૫/૨૦૧૯ | વિદ્યાર્થી પોતાનું પ્રોવિઝનલ મેરીટ યુનિવર્સિટી પોર્ટલ ઉપર પોતાના લોગિન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીને પોતાના માર્કસમાં કોઇપણ વિસંગતતા જણાયતો જરૂરી અસલ દસ્તાવેજો સાથે તુરંત યુનિવર્સિટી ખાતે તા. ૨૭/૦૫/૨૦૧૯ને સાંજે ૫.૦૦ પહેલા જાણ કરવાની રહેશે. ત્યારબાદ મેરીટ અંગેની કોઇપણ રજૂઆત ધ્યાને લેવામાં આવશે નહીં. |
| તા. ૨૮/૦૫/૨૦૧૯ થી તા. ૨૯/૦૫/૨૦૧૯ | વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર પોતાના ફાઇનલ મેરીટની માહીતી મેળવી શકશે તથા મોકરાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને ફળવાયેલ કોલેજની માહીતી પોતાના લોગીનમાં જોઇ શકશે. (નોંધ :-આ મોકરાઉન્ડ હોવાથી કોલેજનું ફાઇનલ એલોટમેન્ટ નથી)<br>વિદ્યાર્થી મોકરાઉન્ડ દરમ્યાનના કટઓફ લીસ્ટનો અભ્યાસ કરી પોતાની કોલેજ પસંદગીનો ક્રમાંક તા. ૨૯/૦૫/૨૦૦૯ સાંજે ૪.૦૦ કલાક સુધી બદલી શકશે. ત્યારબાદ વિદ્યાર્થી પોતાની કોલેજ પસંદગી ક્રમાંક બદલી શકશે નહીં. |
| તા. ૩૦/૦૫/૨૦૧૯ | ૩૦/૦૫/૨૦૧૯ને બપોરે ૧૨.૦૦ કલાક બાદ પ્રથમ રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા પ્રવેશની માહીતી વિદ્યાર્થીને એસએમએસ દ્વારા અને ઇમેઇલમાં પણ આપવામાં આવશે. |
| તા.૩૦/૦૫/૨૦૧૯ થી તા.૦૧/૦૬/૨૦૧૯ | વિદ્યાર્થીએ હેલ્પ સેન્ટર ખાતે વેરીફાઇ કરાવેલ ફોર્મ તથા પોતાને મળેલ પ્રવેશની માહિતી સહીત તારીખ : ૩૦/૦૫/૨૦૧૯ બપોરે ૧૨.૦૦ કલાકથી તા. ૦૧/૦૬/૨૦૧૯ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં સંબંધકર્તા કોલેજમાં જરૂરી ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે. ફીની જરૂરી રસીદ કોલેજ પાસેથી ફરજીયાત મેળવી લેવાની રહેશે. વિદ્યાર્થી કોલેજમાં ફી જમા કરાવ્યા બાદ એડમીશનના આગળના કોઇપણ રાઉન્ડમાં જઇ શકશે નહીં. આ સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી દ્વારા જે તે કોલેજમાં જરૂરી ફી ભરવામાં નહીં આવે તો તે કોલેજમાં તે વિદ્યાર્થીનો પ્રવેશનો હક્ક રહેશે નહી તથા વિદ્યાર્થી બીજા રાઉન્ડમાં કેરી ફોરવર્ડ થશે. |
| તા. ૦૩/૦૬/૨૦૧૯ | યુનિવર્સિટી દ્વારા કોલેજવાઇઝ ખાલી રહેલ સીટોની માહિતી યુનિવર્સિટી વેબસાઇટ ઉપર પ્રસિદ્ધ કરવામાં આવશે. |
| તા.૦૪/૦૬/૨૦૧૯ થી તા. ૦૫/૦૬/૨૦૧૯ | કોલેજવાઇઝ ખાલી રહેલી સીટો ઉપર પ્રથમ રાઉન્ડમાં જે વિદ્યાર્થીઓએ પ્રવેશ મળેલ નથી તેવા વિદ્યાર્થીઓ પોતાની કોલેજ પસંદગી ક્રમાંક બદલી શકશે. |
| તા.૦૬/૦૬/૨૦૧૯ થી તા.૦૮/૦૬/૨૦૧૯ | બીજા રાઉન્ડ દરમ્યાન વિદ્યાર્થીને મેરીટ પ્રમાણે કઇ કોલેજમાં એડમીશન મળે છે તેની વિગતો વિદ્યાર્થી પોતાના લોગીન દ્વારા સ્ટુડન્ટ ડેસ્ક ઉપર જોઇ શકશે. તથા વિદ્યાર્થીએ હેલ્પ સેન્ટર ખાતે વેરીફાઇ કરાવેલ ફોર્મ તથા પોતાને મળેલ પ્રવેશની માહિતી સહીત તારીખ : ૦૬/૦૬/૨૦૧૯ સવારે ૧૨.૦૦ કલાકથી તા. ૦૮/૦૬/૨૦૧૯ સાંજે ૪.૦૦ કલાક સુધીમાં સંબંધકર્તા કોલેજમાં જરૂરી ફી ભરી પ્રવેશ મેળવી લેવાનો રહેશે તથા ફીની જરૂરી રસીદ કોલેજ પાસેથી ફરજીયાત મેળવી લેવાની રહેશે. આ સમયગાળા દરમ્યાન વિદ્યાર્થી દ્વારા જે તે કોલેજમાં જરૂરી ફી ભરવામાં નહીં આવે તો તે કોલેજમાં તે વિદ્યાર્થીનો પ્રવેશનો હક્ક રહેશે નહી. |